Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૨૫ • તા. ૨૨ જુન થી ૨૮ જુન ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17



K.D.O. STUDENTS ASSOCIATION Estd. 1954

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

## શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ-મુંબઇ

61 Shree KDO Students Association

## અન્ન દાનમ્ ! વિદ્યા દાનમ્ !! મહા દાનમ્ !!!

આપશ્રીએ વિદ્યાર્થી જગતની શૈક્ષણિક જરૂરીયાતોને સમય અને સંજોગોને અનુલક્ષીને આપે વિદ્યા દાન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કર્યા છે. આજની શૈક્ષણિક મોંઘવારી માટે આપ શાતા રૂપ બન્યા છો. જે બદ્દલ શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ આપશ્રી સહુને ખુબ ખુબ અનુમોદના કરે છે.

આપના આવોજ સહાય સદાય અમોને મળતી રહે એવી અપેક્ષા સહ... **ધન્ય તમારી ભાવનાને... ! ધન્ય તમારી ઉદારતાને... !** આપશ્રી પરિવારની યશગાથા દશે દિશાઓમાં ગુંજી ઉઠે એજ મંગલ ભાવના સહ... જય જિનેન્દ્ર !!!




**શ્રી અનુજ ગિરીશ લોડાયા** — પ્રમુખ

**શ્રી ઉર્મિન જયેશ લોડાયા** — માનદ્‌મંત્રી

તથા વિદ્યાર્થીસંઘના સર્વે પદાધિકારીઓ

**આ વર્ષે અમે નોટબુકના કવર પાના પર સામાજિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહીત કરેલ છે. આમા સ્વચ્છ ભારત અભિયાન, મેક ઇન ઇન્ડીયા, મેડીટેશન, તંદુરસ્ત ભારત, યોગા, ગ્રીન ઇન્ડીયા. નોટબુકનુ વિતરણ મુંબઇ, હૈદ્રાબાદ, જામનગર, અમદાવાદ, રાયપુર, વાપી, જલગામ, ઔરંગાબાદ, જાલના.**

### મુખ્ય શૈક્ષણિક દાતાશ્રી

**શ્રેષ્ઠીવર્ય શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર (સુથરી / વરલી)**

### રત્ન સ્થંભ શૈક્ષણિક દાતાશ્રી

| | |
|---|---|
| શ્રીમતી નિર્મળાબેન શાંતિલાલ મુલજી શિયાલ | જખૌ/સાંતાક્રુઝ |
| માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા પરિવાર | રાપરગઢવારી |
| માતુશ્રી ચંપાબેન હંસરાજ ડાઘા પરિવાર હસ્તે : શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા | વરાડીયા / માટુંગા |
| મે. ઉમરશી મણશી ખોના એન્ડ કું. (હસ્તે : શ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા) | રવા / ચેંબુર |
| શ્રી ચાંપશી માણેકજી શાહ (લોખંડવાળા) – શ્રીમતી દમયંતીબેન ચાંપશી શાહ | સાંધવ / ઘાટકોપર |
| શ્રી વીરજી લધાભાઇ ટ્રસ્ટ – મુંબઇ (હસ્તે : શ્રી શીવજી કુંવરજી વિકમશી) | રાણપર / લાલબાગ |
| મે. કાંતી કરમશી એન્ડ કું. એડવાઇસર એલએલપી (હસ્તે : શ્રી કાંતિ કરમશી વિકમશી) | જખૌ / માલબાર હીલ |
| સાંધવ રત્ન શેઠશ્રી મુલજી રાઘવજી લોડાયા (મે. એમઆરએલ ગ્રુપ ઓફ કંપની) | સાંધવ / દાદર |
| માતુશ્રી પુણ્યાબેન પાશ્વીર વીરજી નાગડા (હસ્તે : કુ. ખુશાલી, શ્રીમતી પ્રજ્ઞા બીપીન પાશ્વીર નાગડા, ડો. સમીર, ડો. પ્રીતિ, શ્વેતા, શ્રીમતી રેખા હીરેન વોરા | રંગપુર / મુલુંડ |
| શ્રી ગોવિંદજી પદમશી લોડાયા | રવા / ઘાટકોપર |
| શ્રીમતી કલ્પનાબેન શામજી નરશી દંડ (હસ્તે : શ્રી સમીર શામજી દંડ) | સાંધવ / મુલુંડ |
| મે. જોય ગ્રુપ (હસ્તે : શ્રી ભાવીન જયંત ભવાનજી સોની) | સુથરી / જુહુ |
| મે. એક્ઝિમ ટ્રાન્સ ઇંડીયા પ્રા. લી. (શ્રી જયેશ ભાગચંદ જૈન) | કોઠારા / મુલુંડ |

## રજત સ્થંભ શૈક્ષણિક દાતાશ્રી

| | |
|---|---|
| શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા | લાખણીયા / વડાલા |
| માતુશ્રી મધુરીબેન ભવાનજી લોડાયા પરિવાર | કોઠારા / ચાલીસગામ / વિદ્યાવિહાર |
| શ્રી અંબેમાં ધરમશી પરિવાર | સુથરી |
| શ્રી મધુકાંત પદમશી ખોના | જખૌ / ઘાટકોપર |
| માતુશ્રી ગોમાબાઇ હેમરાજ લોડાયા પરિવાર (હસ્તે : કિંજલ બ્યુટી પાર્લર) | મોટી ખાવડી / ઘાટકોપર |
| માતુશ્રી વેલબાઇ લધુભાઇ હીરજી લોડાયા પરિવાર (ધનલક્ષ્મી ટ્રેડીંગ) | રાપર ગઢવારી / ઘાટકોપર |
| વિહાન દંડ | મંજલ રેલડીયા / અંધેરી |
| મે. ડાઘા ચેરીટેબલ ટ્રસ્ટ (હસ્તે : શ્રી અશોક દામજી ડાઘા) | વરાડીયા / કોઇમ્બતુર |
| મે. ડી. વી. શિપીંગ | વરાડીયા / ભાંડુપ |
| માતુશ્રી દેવકાબાઇ મુલજી લાપસીયા (દેસાઇ પરિવાર) | સાંયરા / રાયચુર / હુબલી / મૈસુર |
| મે. જેઠાભાઇ ડુંગરશી ટ્રાન્સપોર્ટ કું. | મસ્જીદબંદર |
| મે. રામજી દેવશી શાહ એન્ડ કું. | મોટી ખાવડી / મસ્જીદ બંદર |
| મે. દોસ્તી ગ્રુપ – માતુશ્રી ધનબાઇ પ્રેમજી શાહ (હસ્તે : શ્રી રાજેશ પ્રેમજી શાહ) | મોટી સિંધોડી / સાયન |
| મે. કેપીટલ રોડલાઇન્સ (શ્રી તિલક રાયચંદ લોડાયા, શ્રી મણીલાલ પદમશી દંડ) | કોઠારા/લાલા / મુલુંડ |

## સુવર્ણ સ્થંભ શૈક્ષણિક દાતાશ્રી

| | |
|---|---|
| માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાન્ત હંસરાજ લોડાયા (મે. કલ્પતરૂ રોડલાઇન્સ / મે. અવની પ્રિન્ટ કેર) | વારાપધર / વાપી / ડોંબિવલી |
| માતુશ્રી નવલબેન ખેતશી પોલડીયા (હસ્તે : શ્રીમતી મધુરીબેન કિશોર કરમશી) | જખૌ / વડાલા |
| માતુશ્રી હીરાવંતી લહેરચંદ મેપાણી પરિવાર | પરજાઉ / મુલુંડ |
| માતુશ્રી પ્રેમાબાઇ લધાભાઇ શીવરાજ મૈશેરી (શ્રી નેણશી લધાભાઇ મૈશેરી) | જખૌ / મુલુંડ |
| માતુશ્રી કાંતાબેન ગોવિંદજી અજાણી (લોડાયા) પરિવાર | કોઠારા / ઘાટકોપર |
| શ્રીમતી મધુબાઇ મણીલાલ વિસનજી મોમાયા | સુથરી / ભાંડુપ |
| હર્ષિતા ભાવિન સોનાવાલા | નલીયા / મુલુંડ |
| શ્રીમતી રશ્મીબેન પ્રતાપ ચાંપશી લોડાયા | તેરા / મુલુંડ |
| ડૉ. લહેરચંદ લખમશી ઓશવાલ | બારોઇ / ચેંબુર |
| શ્રી કિશોર શામજી ફુરવા | ગોધરા / કોચીન |
| શ્રી પદમશી લધુભાઇ સોની (મે. પ્રાઇમ પ્રોપર્ટી ડેવલોપમેન્ટ કોર્પોરેશન) | સુથરી / જુહુ |
| શ્રી નરશી ફેમીલી ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઇ | મુંબઇ |
| સ્વ. અતુલ ઉત્તમચંદ ડાઘા | વરાડીયા / મુલુંડ |
| કુ. હિરલ પ્રદીપ રતીલાલ લોડાયા | સાંયરા / કોઇમ્બતુર |
| મે. જે. કે. બ્રધર્સ (હસ્તે : શ્રી જીતેન નાગડા) | સુથરી / મસ્જીદ બંદર |
| મે. નરશી નેણશી એન્ડ સન્સ | સુથરી / જુહુ |
| મે. રજત લોજીસ્ટીકસ | સુજાપર / આદિપુર |
| મે. કેડેટ્રોનિક્સ | સાંયરા / ઘાટકોપર |
| મે. ઓર્બીટઝ કોર્પોરેશન એન્ડ લેઇઝર ટ્રાવેલ્સ ઇંડીયા પ્રા. લી. (હસ્તે : શ્રી વસંત વિકમશી) | જખૌ / દાદર |

## રજત સ્થંભ શૈક્ષણિક દાતાશ્રી

| | |
|---|---|
| માતુશ્રી દમયંતી રતનશી કુંવરજી લોડાયા પરિવાર | સાંયરા / ડોંબિવલી |
| શ્રીમતી રાજુલબેન ભદ્રેશ પટેલ (મોમાયા) | સાંયરા / મુલુંડ |
| શ્રીમતી ચેતનાબેન બીપીન મોમાયા | સાંયરા / ઐરોલી |
| શ્રીમતી પ્રેમીલા ઠાકરશી ગોસર | બાયઠ / ઘાટકોપર |
| મે. આદિનાથ રોડવેઝ (હસ્તે : શ્રીમતી મંજુલાબેન દામજી મૈશેરી પરિવાર) | નાની સિંધોડી / ઘાટકોપર |
| માતુશ્રી સોનબાઇ જેઠાલાલ રાયશી લાપસીયા પરિવાર | દલતુંગી / મુલુંડ |
| માતુશ્રી હીરબાઇ વીરચંદ ગોસર પરિવાર | બાયઠ / ભાંડુપ |
| માતુશ્રી નવલબાઇ સોમચંદ મુનવર પરિવાર | જખૌ / બેલારી |
| શ્રીમતી બેલા મયુર ધુલ્લા – શ્રીમતી મીના ચિમન મોતા (હસ્તે : મે. તન–મન ટૂર્સ) | વારાપધર / મુલુંડ |
| મે. વિકેતા ઇલેક્ટ્રોનિક્સ | લાલા / અંકલેશ્વર |
| શાહ દામજી શામજી પોલડીયા પરિવાર | ગોએરસમા / નાસીક / ભુસાવલ |
| શ્રી અનિલ ભવાનજી ધરમશી | બાયઠ / ભાંડુપ |
| મે. એડ કોન્સેપ્ટ (હસ્તે : આકાશ દેવચંદ ધરમશી) | સુથરી / માટુંગા |
| શ્રી દિનેશ રામજી લોડાયા | સાંધવ / મુલુંડ |
| ડૉ. હરીશ શામજી લાપસીયા | સુથરી / અંબરનાથ |
| માતુશ્રી હંસાબેન મણીલાલ ફુરૂવા પરિવાર | ગોધરા / મુલુંડ |
| માતુશ્રી બાંયાબાઇ શામજી દેવચંદ મોતા સુખફરીયા | નલીયા / લોનાવાલા |
| શ્રી દયાલાલ હીરાચંદ વેલજી પટેલ (મોતા) | તેરા / ઘાટકોપર |
| માતુશ્રી સુશીલાબેન જવેરચંદ વિશનજી ધરમશી પરિવાર | મંજલ રેલડીયા / ગોરેગામ |
| શ્રીમતી રાજબાઇ કેશવજી મોમાયા (મે. આઇડીયલ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન) | વરાડીયા / મસ્જીદબંદર |
| મે. જેએનકે હેવી લિફ્ટર પ્રા. લી. | ચેંબુર |

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 25/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## સંમેલન સાથે સમસ્ત મહાજનની ઉપયોગિતાની ચર્ચા પણ જ્ઞાતિની કાર્યસૂચિ પર મૂકાવી જોઈએ.

સમસ્ત કચ્છી દશા ઓસવાલ મહાજજની મહાસમિતિની તાજેતરની બેઠકમાં જ્ઞાતિ સંમેલનના આયોજન માટે યજમાની કરવા મહાજનોની ઓફરો મંગાવવાનો નિર્ણય થયો અને એ પ્રમાણેની જાહેરાત પણ પ્રગટ થઈ.

મહાસમિતિ અને ટ્રસ્ટ બોર્ડની આ પહેલાંની બેઠક માટે કોરમ પણ નહોતી થઈ એ દૃષ્ટિએ આ બહુ હકારાત્મક અને ખુશીદાયક સમાચાર ગણાય.

સંમેલનની યજમાનીની વાત આવે તો એવી અપેક્ષા જાગે કે જો જ્ઞાતિનું સૌથી સમૃધ્ધ મોભી મહાજન મુંબઈ મહાજન યજમાની લે તો જ વધુમાં વધુ હાજરી સુનિશ્ચિત કરી શકાય.

આશા રાખીએ કે મુંબઈ મહાજનની જ્ઞાતિ ગરિમાના રક્ષણ અને સંવર્ધનને વરેલી વર્તમાન ટીમ સમસ્ત જ્ઞાતિ હિતમાં આ જવાબદારી સહર્ષ સ્વીકારશે.

અલબત્ત, તેમ થયું તો પણ મુંબઈ મહાજનની અગાઉની ટીમે ઉપસ્થિત કરેલ સંમેલન ભરીને ય કંઈ લાભ થવાનો છે ખરો ? એ પ્રશ્ન ઊભો જ છે. એટલું જ નહીં, આ નિર્ણયના પ્રકાશમાં ફરીથી કાર્યસૂચિ પર આવે છે.

ન ભરાયેલા પ્રસ્તાવિત રાયપુર સંમેલન અંગે સામસામી દલીલો ચાલુ હતી ત્યારે મહાજનના આગેવાનોએ કહેલી વાત કે જો સમસ્ત મહાજન બિનઉપયોગી અને અપ્રસ્તુત લાગતું હોય તો પણ એક વખત સંમેલન ભરીને વિશદ છણાવટ કરીને સમસ્ત મહાજનનું સમાપન કરી નાખીએ, આ સંદર્ભમાં મહત્વની છે.

અહીં એક વાત ભારપૂર્વક કહેવાની કે સમસ્ત મહાજનના વર્તમાન બંધારણ પ્રમાણેનું આ કેન્દ્રીય સંસ્થાનું માળખું બિન ઉપયોગી કે અપ્રસ્તુત લાગતું હોય તો પણ જ્ઞાતિના સમાજ જીવનનું સંકલન કરવા માટે કોઈ પણ કેન્દ્રીય સંસ્થાની આવશ્યકતા છે કે નહીં એ પ્રશ્ન જ્ઞાતિની માટે કાર્યસૂચિ પર છે જ.

સમજદાર આગેવાનો આવી સંસ્થાની આવશ્યકતા હોવા અંગે હકારાત્મક જવાબ આપે છે અને તે અંગે નક્કર વિચારણા પણ ચાલી રહી છે.

સૌ પ્રથમ તો ન થયેલા પ્રસ્તાવિત રાયપુર સંમેલનની તૈયારી વખતે જ જ્ઞાતિ આગેવાનોએ સ્પષ્ટ જણાવ્યું હતું કે સમસ્ત ક.દ.ઓ. મહાજનનું વર્તમાન માળખું અને તેનું બંધારણ સુધારણા માંગે છે એટલે પણ સંમેલન ભરવાની આવશ્યકતા છે.

જો જ્ઞાતિમાં જન્મ લેનાર દરેકને તેના સ્થાનિક મહાજનમાં ૧૮ વર્ષના થતા સભ્યપદ મળી જાય અને તે સાથે આડકતરી રીતે સમસ્ત ક.દ.ઓ. મહાજનમાં પણ સભ્યપદ મળી જાય તેવી સંસ્થા આવશ્યક છે તેવું માનીએ તો આ સંસ્થા ઘટતા ફેરફારો સાથે ચાલુ રાખવી, એવું તારણ સહજ નીકળે. અલબત્ત તેનું નવું માળખું કેવું હોવું જોઈએ તે વિચારવુ રહ્યું.

લેખકની દૃષ્ટિએ પરંપરાગત મહાજનો અને જ્ઞાતિની બધી સંસ્થાઓને જેમાં પ્રતિનિધિત્વ હોય તેવી કેન્દ્રીય સંસ્થા જરૂરી છે તેના કારણો આ રહ્યા :

સૌથી પહેલું કારણ તો એ છે કે કેન્દ્રીય સંસ્થા ન હોય ત્યારે સ્થાનિક પ્રતિનિધિત્વ કે ચોક્કસ ધ્યેયના આધારે કામ કરતી સંસ્થાઓ સંકુચિત મનોવૃત્તિ ધરાવતી થઈ જવાની.

સમસ્ત જ્ઞાતિનો વિચાર ન હોવાથી તે પોતાની સાનુકુળતાનો ઉપયોગ પ્રતિકુળતામાં મૂકાયેલ બીજા જ્ઞાતિજન માટે નહીં કરે પણ પોતે કંઈક વિશેષ છે. શ્રેષ્ઠ છે એવું પુરવાર કરવા માટે કરશે જે તેને આડંબર અને દેખાડા તરફ દોરી જશે.

આની ફલશ્રુતિ એ આવશે કે જ્ઞાતિ અગ્રતાઓમાં અસંતુલન પેદા થશે. અને જ્ઞાતિ સર્વાંગીણ

વિકાસ નહીં સાધી શકે.

વધુમાં જે સંસ્થાઓએ સમયોચિતતા ગુમાવી દીધી હશે તે પણ જ્ઞાતિ હિતમાં નવા ક્ષેત્રમાં પ્રવૃત થવાને બદલે જે તે પ્રવૃતિ અને પ્રોજેક્ટથી ફાયદો ન થતો હોય કે ન જેવો થતો હોય તે પ્રવૃત્તિઓ કર્યા કરી જ્ઞાતિની વર્તમાન અગ્રતાઓ માટે મળનારા ભંડોળોમાંથી અકારણ મોટો ભાગ પડાવી લેશે અને તેને કારણે પણ મતિ તેની વર્તમાન આવશ્યકતાઓ, અગ્રતાઓને પૂરતો ન્યાય નહીં આપી શકે તથા તે સર્વાંગીણ વિકાસ ન થવાનું વધારાનું કારણ બનશે.

જ્ઞાતિ નવા સમયોચિત પ્રોજેક્ટો સમયસર હાથ નહીં ધરી શકે તેને કારણે પણ તે પ્રગતિપથ પર આગેકૂચ નહીં કરી શકે.

વધુમાં અત્યારે દેશાવર જ નહીં ડોંબિવલીવાસીઓ અને અમુક અંશે જ્ઞાતિજનોની વસતિ ઓછો હોવાથી પોતાનો અવાજ આગળ સુધી ન પહોંચાડી શકનાર મસ્જિદબંદરના જ્ઞાતિજનો પણ પોતાને ઉપેક્ષિત માની રહ્યા છે અને તેથી જ્ઞાતિના સમાજ જીવનમાં સહભાગ ઓછો થવાથી વિચિત્ર અસંતુલન ઊભુ થશે.

સંસ્થાઓ ખરા અર્થમાં સામાન્ય જનતાના ભલા કરતાં જેમના હાથમાં સંસ્થાઓનું સંચાલન આવ્યું હોય તેવા આગેવાનો ખાસ કરીને શેઠીયાઓની મનસ્વીતા પ્રમાણે કામ કરતી થશે. જે ઉપરોક્ત ઉપેક્ષિતોનો જ્ઞાતિના સમાજ જીવનમાંનો રસ વધુ ઓછો કરશે અને એક વિષયક ઊભુ થશે જે જ્ઞાતિને સમયાંતરે એક બીજાને મળતો કે એક બીજા સાથે સુખ દુઃખ વહેંચતો સમૂહ નહીં પણ જેમના નામ વસતિપત્રકમાં સાથે આવતા હોય તેવો કાગળ પર જ જેની એકતા હોય તેવો સમૂહ બનાવશે.

વધુમાં સામજિક રીવાજોની બાબતમાં જ્ઞાતિના સમાજસેવકોએ મહા મહેનતે આણેલી સરળતા અને સાદગી નષ્ટ થશે તેમ જ જ્ઞાતિના સામાન્ય માનવીને શાહુકારી બતાવવા સામાજિક પ્રસંગોએ લાખબૂટ ખર્ચો કરતા શેઠીયાઓ પાછળ તણાઈ હેરાન થવું પડશે.

બીજા શબ્દોમાં કહીયે તો સમયોચિત રીતે કામ કરતી કેન્દ્રીય સંસ્થા નહીં હોય તો અનેક કારણોસર જ્ઞાતિ વિઘટનની પ્રક્રિયા ઝડપી બનશે અને તેમાં સૌથી પહેલાં જ્ઞાતિ તરફ ઉદાસીન થનારા યુવાનો હશે.

એક વખત યુવાનો સમૂહથી વિમુખ થશે એટલે સમાજ જીવનમાં નવા વિચારા, નવા વલણ આપવાનું બંધ થશે. સમાજજીવન બંધિયાર બનતું જશે.

આ બધા અનર્થો રોકવા માટે જ્ઞાતિને સમયોચિત પ્રવૃતિઓનું સંકલન કરતી તથા તેને યોગ્ય દિશામાં લઈ જતી સંસ્થા તો જોઈશે જ, અલબત્ત, તેનું સ્વરૂપ સમસ્ત ક.દ.ઓ. મહાજનના વર્તમાન સ્વરૂપ કરતાં સાવ અલગ હશે.

સમજદારોએ આ સ્વરૂપ કેવા પ્રકારનું હોવું જોઈએ તે બાબત વિચાર કરવા જ જોઈએ અને એટલું જ નહીં ફરીથી કાર્ય સૂચિ પર ચડેલા સંમેલનની તારીખોથી ચાર-છ મહિના પહેલાં આ વિચારણાને ચોક્કસ આકાર આપવો પડશે.

આશા રાખીએ કે સમજદરોની ક.દ.ઓ. જ્ઞાતિની કેન્દ્રીય સત્તા બાબત તેની સમયોચિતના મેળવવાનો આ પડકાર સફળતાપૂર્વક ઝીલી શકાશે.

**– ચંદ્રસેન મોમાયા**

## જાહેરાતકારોને સહકાર આપવા વિનંતી.

પ્રકાશ સમીક્ષાના ચાલુ અંક માટેની મેટર અને જાહેરાતો આમ તો બુધવાર સુધી મળી જાય તેમ મોકલવાની હોય છે. અલબત, પાર્ટી જો પોતે જાહેરાત બનાવરાવીને મોકલવાની હોય તો તે એકાદ દિવસ મોડેથી મોકલે તો પણ ચાલે, જો કે તે માટે આગાઉ થી જાણ કરીને જગ્યા બુક કરી લેવાનું જરૂરી છે.

કેટલીક પાર્ટીઓ અમે જાહેરાત બનાવીને તેમની બતાવીએ એવો આગ્રહ રાખતી હોય છે, તેમની જણાવવાનું કે અમારે માટે આ શક્ય નથી એટલે તેમને જાતેજ બનાવીને મોકલવી.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર**

| પ્રકાર | સાઈઝ | આર્ટ પેપર કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

**ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા**

વિશેષમાં નોંધ લેવા વિનંતી કે ઉક્ત દરો સર્વે માટે, મહાજન કે સંસ્થાઓ સહિત સમાન રહેશે. ફક્ત નીચેના સંજોગોમાં ડિસ્કાઉન્ટ અપાશે : ઓછામા ઓછા પા પાનની ૧) દશ જાહેરાત આપનારને ૧૦% ડિસ્કાઉંટ, ૨) પચ્ચીસ જાહેરાત આપનારને ૧૫% ડિસ્કાઉંટ, ૩) બધા અંકોમાં જાહેરાત આપનારને ૨૦% ડિસ્કાઉંટ. આ ડિસ્કાઉંટનો લાભ મેળવા ઈચ્છુકોએ જાહેરાતની સંપૂર્ણ રકમ અગોતરી (એડવાન્સ) ચૂકવવાની રહેશે.

આ ઉપરાંત લવાજમમાં પણ પ્રેસ રજીસ્ટ્રારના દફ્તરે યોગ્ય વિધિ કર્યા પશ્ચાત વધારો થશે જે વાર્ષિક રૂા. ૨૦૦/- થશે.

# શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ-ઘાટકોપર
# શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન કન્યા છાત્રાલય-ઘાટકોપર

## વિદ્યાર્થીગૃહ તથા કન્યા છાત્રાલયનું ગૌરવ
## એચ.એસ.સી / એસ.એસ.સી. માં ઉતિર્ણ છાત્ર / છાત્રાઓને અભિનંદન

શૈક્ષણિક વર્ષ ૨૦૧૪-૧૫ ના એચ.એસ.સી. અને એસ.એસ.સી માં દરેક છાત્ર/છાત્રાઓ ઉતિર્ણ થતા

**વિદ્યાર્થીગૃહ તથા કન્યા છાત્રાલયનું પરિણામ ૧૦૦% આવેલ છે.**

**એચ.એસ.સી. / એસ.એસ.સી. માં ઉતિર્ણ વિદ્યાર્થીઓને અભિનંદન !**

## ધોરણ ૧૨ : (એચ.એસ.સી)

### શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ


નિરવ મહેન્દ્ર લોડાયા 69%


મયંક કિરણ મોતા 62%


ભાવેન વિજય પોલડીયા 59%


હેમ કમલેશભાઈ ખોના 55%

### શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન કન્યા છાત્રાલય


નિરાલી નિલેન્દુ નાગડા 63%


નિશા નરેન્દ્ર દંડ 61%


રિધ્ધિ સુનીલ નાગડા 57%


માનસી નરેન્દ્ર ધરમશી 55%

## ધોરણ ૧૦ : (એસ.એસ.સી)

### શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ


સતીશ મહેન્દ્ર મૈશેરી 80%


જય અનીલ ધુલ્લા 65%


આદિત્ય રાજેશ મોતા 51%


જીત કિર્તિ નાગડા 48%

### શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઈ કે.ડી.ઓ. જૈન કન્યા છાત્રાલય


ક્રિના સંજય નાગડા 92%

**ઉતિર્ણ થયેલ દરેક છાત્ર/છાત્રાઓને તેમની સફળતા બદલ ટ્રસ્ટ્રીઓ, અધિકારીઓ, સ્ટાફ તથા વિદ્યાર્થીગૃહ તથા કન્યા છાત્રાલયના સર્વે વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓના ખૂબ ખૂબ અભિનંદન.**

# સાદગીનો વૈભવ

મનોજભાઈને જિંદગીની મધ્યવયમાં તેમના ભાઈઓથી છૂટા પડવાનું ને નવેસરથી ઘર શરૂ કરવાનું આવ્યું. એવું નહોતું કે પૈસાની ખેંચ હતી, પણ તેમણે વિચાર્યું, હવે જરૂર પૂરતો સમાન લઈને જ જિંદગીની મુસાફરી કરવી. મન શું ઇચ્છે છે તે નહીં, પણ જિંદગીમાં શું જરૂરી છે તે જાણવું અને તેટલું જ વસાવવું. સારા વિસ્તારમાં સુઘડ અને સાદા ઘરમાં મનોજભાઈ હળવાફૂલ થઈને જીવે છે. તેમનું સૂત્ર છે, ઓછું = વધારે. એટલે કે ઓછી જરૂરિયાત = વધારે સમય, ઓછાં પ્રલોભન = વધારે હળવાશ, ઓછો ખર્ચ = વધારે આનંદ, ઓછી સાધનસામગ્રી = વધારે શાંતિ. હવે તેઓ વધારે પડતા વિચારોમાંથી પણ મુક્ત થવા માગે છે.

સીમા શ્રીમંત પિતાની પુત્રી અને એવા જ શ્રીમંત પરિવારની પુત્રવધુ, ઘણી શોખીન અને ઊંચી પસંદ ધરાવનારી. વસ્ત્રો, આભૂષણો, કલાત્મક ચીજો ખૂબ વસાવે. વીસેક વર્ષ આમ જ વીત્યાં ત્યાં તેના સાસુને જીવલેણ બીમારી લાગુ પડી. સાસુ મોટા ઘરનો કારભાર ને વ્યવહારો સંભાળવામાં એક્કા, ખાવાપીવાના ને હરવાફરવાના ખૂબ શોખીન પણ હવે આકરી પરેજી પાળવાની આવી, પથારીવશ સ્થિતિ આવી. થોડો વખત અકળાયાં પછી તેમણે બંધુ ખંખેરવા માંડ્યું. જે પણ ખવાતું હોય તે સંતોષથી ખાવું ને ભગવાનનું નામ લેવું. સંબંધો, વ્યવહારો, વાતોચીતો બધામાંથી મન કાઢી નાખ્યું. સીમા પૂછતી, 'બહુ તકલીફ થાય છે બા ? તમને જે જે ગમતું તે બધું છોડી કેમ રહ્યા છો ?' બા કહેતાં, ના, દીકરી. ઊલટી શાંતિ લાગે છે. કેટલા પથારા ભેગા કરીને બેઠી હતી, ઈશ્વરે મને તેમાંથી છોડાવવાનું ધાર્યું હશે તેથી આ માંદગી આપી.' સીમા વિચારતી થઈ ગઈ. વાપરી ન શકાય તેટલું ભેગું કર્યું હતું તેણે. એ બધું સાચવવામાં સમય-શક્તિ ઓછાં નહોતાં જતાં-એટલાં પ્રમાણમાં એ વસ્તુઓમાંથી આનંદ મળતો હતો ખરો ? અહંકાર પોષાતો હતો ખરો, પણ તેનો આખરે શો અર્થ હતો ? સમયનો, પૈસાનો શું આ એક જ ઉપયોગ હોય ? તેના જીવનમાં પણ પરિવર્તન આવવા લાગ્યું. સાસુ લાંબી બીમારી ભોગવી મૃત્યુ પામ્યાં ત્યાં સુધીમાં સીમાએ ઘણી બધી પળોજણને ખંખેરી નાખી હતી. સાદા જીવનમાં કેટલી હળવાશ, કેવી નિરાંત અને જાત સાથેની કેટલી નિકટતા છે તેનો તે અનુભવ કરી રહી હતી. તેના મોં પર આવેલું જુદું જ તેજ જોઈ બધા નવાઈ પામતા. આ હતી સાદગીનો વૈભવ.

અંગ્રેજીમાં એક સરસ શબ્દ છે 'સિમ્પ્લિસિટી'. તેનું ગુજરાતી 'સાદાઈ' એવું કરી તો શકાય, પણ તેમાં તેનો પૂરો અર્થ સમાતો નથી. સાદાઈ એટલે બાહ્ય ટાપટીપનો અભાવ એવું આપણે જાણીએ છીએ. એમાં થોડી નકારાત્મકતા છે, થોડી શુષ્કતા છે. સિમ્પ્લિસિટીમાં સાદાઈ, સરળતા, સહજતા, સ્પષ્ટતા, સૌમ્યતા અને સચ્ચાઈ બધું વ્યક્ત થાય છે. તેથી સિમ્પ્લિસિટી ખૂબ સુંદર છે, ગરિમાપૂર્ણ છે. સિમ્પ્લિસિટી કોઈ




।। શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ ।। રજી. નં. A ૫૬૪ (કચ્છ)

**શ્રી. કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલીયા**

ધર્મશાળા ફલીયા, નલીયા. તા. અબડાસા (કચ્છ), પીન નં. ૩૭૦૬૫૫. ફોન નં, ૦૨૮૩૧-૨૨૨૩૩૭

Email Id : kdonaliyamahajan@gmail.com



મુંબઈ કાર્યાલયઃ- C/o. ચેતન એમ. ખોના, બી-૭૦૬, નીતા એપાર્ટમન્ટ, સેજલ પાર્ક, બી.ઈ.એસ.ટી. રોડ, ગોરેગાંવ (પ), મુંબઈ - ૧૦૪. મો. ૯૩૨૪૪૬૧૮૯૪

**શ્રી નલીયા સંઘમાં આનંદ મંગલ વર્તાશે... પૂજ્ય ગુરૂવર્ય ચાતુર્માસે પધારશે...**

**શ્રી નલીયા તથા તેના વાડા ના ગામવાસીઓ, નિયાણી બહેનો જોગ...**

શ્રી ચંદ્રપ્રભુ દાદા ની અમી દ્રષ્ટિ થી અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન શ્રી પ.પૂ. આ. ભગવંત શ્રી ગુણોદય સાગર સૂરીશ્વરજી મહારાજા સાહેબ તેમજ સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભં. શ્રી કલાપ્રભ સાગર સુરીશ્વરજી મહારાજ સાહેબ ની કૃપાદ્રષ્ટિ થી અને આપણા સંઘના ભાગ્યોદયે આપણા મહાજન શ્રીની વિનંતી ને માન આપી. પ.પૂ. અચાર્ય ભગવંત શ્રી ના આજ્ઞાવર્તી ની પ.પૂ. સા. ધર્મકિર્તીશ્રી મ.સા ના શિષ્યા **પ.પુ. સાધ્વી શ્રી જયકિર્તીશ્રી મ.સા.** આદીઠાણા એક નુ ચાર્તુમાસ મળતા આપણા શ્રી સંઘમાં આનંદની હેલી વરસી છે. **પુજ્ય શ્રી નું મંગલમય ચાતુર્માસ પ્રવેશ તા. ૧૮.૦૭.૨૦૧૫ ને શનીવાર આષાઢ સુદ ત્રીજ ની સલુણી સવારે ભવ્યાતિભવ્ય કરાવવામાં આવશે. તો સકળ શ્રી સંઘોને તથા સર્વે ગામવાસીઓ, નિયાણી બહેનો ને પધારવા, શાસનની શોભા વધારવા ભાવભર્યુ આમંત્રણ છે.** ગામવાસીઓ, નિયાણી બહેનો, ને બહોળી સંખ્યા માં પધારી પ્રવેશની ક્ષણો માણી ચાર-ચાર મહીના વીરવાણી નું પાન કરી તપ- જપ-આરાધના ની જ્યોત જગાવી આત્માને ધન્ય બનાવીએ. અને **પર્યુષણ મહાપર્વ** ની આરાધના કરવા તથા પ્રસંગોને દિપાવવા બહોળી સંખ્યામાં પધારવા **નેહભર્યુ નિમંત્રણ છે.**

આવા આનંદકારી અવસરે શ્રી. ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - મુંબઈ ના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ મોતા હાજર રહેશે.

**આ અનેરા ચાતુર્માસ પ્રવેશ ના પ્રસંગે તથા પર્યુષણ મહાપર્વ ની આરાધના કરવા વહાલા વતને જરૂરથી પધારવા ફરીથી આમંત્રીએ છીએ.**

**આપસૌના સાથ અને સહકારના અભિલાષી**

**લિ. શ્રી.ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન - નલીયા - ટ્રસ્ટીગણ**

**મહાજનશ્રી દ્વારા આજીવન સભ્ય ફી (લાગા) ચુલાદીઠ રૂ. ૧૧૦૦/- ના ફોર્મ ભરવા નું ચાલુ છે. જેમણે સભ્ય ફીના ફોર્મ ન ભર્યા હોય તેમણે નલીયા સ્થાનિક ઓફીસે અને મુંબઈ ઓફીસે તથા શ્રી. પદ્મકુમાર નાગડા - મો. નં. ૦૭૦૯૬૮૨૦૦૨૮ નો સંપર્ક કરી જલ્દીથી ભરી દેવા વિનંતી.**

## આપણી બેંક - અરીહંત બેંક, પાંજી બેંક - અરીહંત બેંક

**શ્રી અરીહંત બેંકની આધુનિક ઈલેક્ટ્રોનિક બેન્કિંગની સેવાનો લાભ લેવા અનુરોધ**

સન 1984માં સ્થાપિત, આપણી બેંકે સન 1992માં કોમ્પ્યુટરાઈજેશનની શરૂઆત કરી, જ્યારે બીજી બેંકોમાં હજી એ વાત વિચાર હેઠળજ હતી. આપણી બેંકે પોતાનો સોફ્ટવેર ડેવેલોપ કરીને આપણા ગ્રાહકોને લાભ આપવાનું શરૂ કરી દીધું હતું. સન ૨૦૦૯ સુધી બધી શાખાઓ અને ગ્રાહકોએ આ સોફ્ટવેરનો વપરાશ કર્યો પછી બેંકે કોર બેન્કિંગ સોલ્યુશન (CBS) સિસ્ટમ દાખલ કરી. તે વખતે આપણી 5 શાખાઓ અને હેડ ઓફિસના બધા ડાટા, એકજ માસ્ટર સર્વર ઉપર સફળતા પૂર્વક ટ્રાન્સફર કરાયા. ત્યારથી આપણી બેંક સતત લગભગ બધીજ અત્યાધુનિક ટેકનોલોજી દ્વારા બેન્કિંગ સેવાઓ ગ્રાહકો ને પૂરી પાડતી રહી.

જાન્યુઆરી 2011 સુધીમાં 3 નવી શાખાઓ : ડોમ્બીવલી પૂર્વ, APMC વાશી અને થાણે પશ્ચિમ, CBS પ્લેટ્ફોર્મ ઉપર શરૂ કરવામાં આવી. આજે આપણી બેંક, નવી ટેકનોલોજી સ્વીકારનારી બીજી કો-ઓપરેટીવ બેન્કોથી ઘણી આગળ છે.

**અરીહંત બેંકે શરૂ કરેલ નવી નવી મોડર્ન તથા અત્યાધુનિક ટેકનોલોજી અને બેન્કિંગ સુવિધાની ટૂંકી યાદી**

- **Any Branch Banking** - ગ્રાહકોને કોઈ પણ શાખામાં જઈને બેન્કિંગ કરવાની સુવિધા, જે માટે ગ્રાહકોને પોતાની શાખામાં જવાની ગરજ નથી રહેતી.
- **RTGS/NEFT** ની સુવિધા આપણી બેન્કે ઘણા પહેલાથી શરૂ કરી હતી, જે ગ્રાહકોમાં બહુજ સગવડ ભરી અને પ્રિય રહી છે.
- ગ્રાહકો માટે બધાજ પ્રકારના ટેક્ષની ચુકવણી, કોઈ પણ શાખામાં કરવાની સુવિધા ઉપલબ્ધ છે.
- **SMS** સુવિધા જેની મારફત ગ્રાહકના નોંધાયેલ મોબાઈલ ફોન ઉપર (a) ખાતામાં થતી દરેક, જમા કે ઉધાર રકમની, SMS મારફત તુરંત જાણ (b) છેલ્લા ૫ ટ્રાંસેકશન અથવા ખાતામાં રહેલ બેલેન્સની માહિતી.
- **અરીહંત રૂપે (Rupay) ATM** કમ ડેબીટ કાર્ડની સગવડ, બચત ખાતા અને કરંટ ખાતાના ગ્રાહકો માટે **વિના મુલ્યે FREE** દાખલ કરવામાં આવેલ છે. જે મારફત તેઓ (a) 9 લાખથી વધુ દુકાનો કે ધંધાદારી જગ્યાઓમાં રોકડ રકમ આપ્યા વગર, ભારતભરમાં POS મશીન ધરાવનાર પાસે ખરીદી કરી શકે છે. (b) ભારતભરમાં 1.7 લાખ ATM મશીન ઉપરથી 24 x 7 જોઈતી રોકડ રકમ કાઢી શકે છે. (c) આ કાર્ડ પીન નંબરથી ચાલતું હોવાના કારણે સંપૂર્ણ પણે સુરક્ષિત છે. (d) રૂ. 1 લાખ સુધીનો, 1 વર્ષ માટે, આકસ્મિત વીમો દરેક કાર્ડ હોલ્ડર માટે.
- **IMPS** ક્રેડીટ જે ભવિષ્યની બેન્કિંગ પ્રણાલીની સગવડ બેંકના ગ્રાહકો માટે લાવવામાં આવેલ છે, જે દ્વારા 365 દિવસ-દિવસ અને રાત, ગ્રાહક ખાતામાં રકમ જમા લઈ શકે છે. રકમ મોકલનાર પોતાની બેંકના ખાતામાંથી **SMS** મારફત રકમ મોકલાવતાજ તુંરત કોઈની પણ દરમ્યાનગીરી વગર અરીહંત બેન્કના ખાતામાં જમા મળી જાય છે. તદુપરાંત બન્ને પાર્ટીને SMS મોકલવામાં આવે છે.
- **APBS** આધાર કાર્ડ મારફત રજીસ્ટર કરાવેલ બેન્કના ગ્રાહકોને માટે, રાંધણ ગેસની સબસીડી સીધી ખાતામાં જમા કરાવવાની સગવડ બેંકે કરેલ છે. ગેસ સબસીડી માટે બીજી બેંકમાં રજીસ્ટર થયેલા આપણા ગ્રાહકો, એક ફોર્મ ભરી આપણી બેંકમાં એ સગવડ લઈ શકે છે.
- **સેન્ટ્રલ ક્લીયરીંગ સેલ**ની સગવડથી ક્લીયરીંગના ચેક બેંકમાં ભરવાના સમયમાં વધારો થયો છે.
- રિઝર્વ બેંકની સુચનાથી (CTS) **ચેક ટ્રંકેશન સીસ્ટમ** ચાલુ કરેલ છે જે ઈમેજ બેઝ આઉટવર્ડ અને ઈનવર્ડ ક્લીયરીંગ પ્રણાલી છે, જેનાથી ફીસીકલ ચેકની હેરફેરમાં થતો સમય બચીને, ઝડપી પ્રક્રિયાથી સેન્ટ્રલ ક્લીયરીંગ ડીપાર્ટમેન્ટ દ્વારા ગ્રાહકોના ખાતાઓમાં રકમ જમા અથવા ઉધાર થાય છે.
- દરેક ખાતા ધારકને બેંક વ્યક્તિગત ચેક બુક આપે છે, જેમાં સલામતી અને શિષ્ટાચાર માટે ચેક ઉપર ખાતા ધારકનું નામ છપાય છે.
- અત્યાધુનિક અને સુરક્ષિત **NET VIEWING** સેવા, વિના મુલ્યે શરૂ કરેલ છે.

વર્ષ 2004 થી 2012 સુધી બેંકને ઉત્તમ દેખાવ અને કામગીરી માટેનો એવોર્ડ ધી ગ્રેટર બોમ્બે અર્બન કો-ઓપ બેંક અસોસિયેશન અને બીજી સંસ્થાઓ તરફથી 8 વખત મળેલ છે.

બેન્કની બીજી કામગીરીઓમાં વિશેષ રૂપે નવા પેન કાર્ડ બનાવી આપવા, વિદેશી હૂંડિયામણ, ડીમાંડ ડ્રાફ્ટ / પે ઓર્ડર / એટ પાર ચેક / બેંક ગેરંટી વગેરે આપવા, જનરલ વીમો, લોન / એડવાન્સની અને ડીપોઝીટની નવી સ્કીમો વગેરે છે.

**અમારા માનવંતા ગ્રાહકોને ઉપર મુજબની વિવિધ સુવિધાઓ લેવા / વાપરવા માટે નજીકની બેન્કની શાખાનો સંપર્ક કરવા અને શ્રી અરીહંત કો-ઓપ બેંક લી. ની બેન્કિંગ સેવાઓનો લાભ લેવા હાર્દિક વિનંતી છે.**

**શ્રી મહેંદ્ર ડી. ખોના (ચેરમેન)** **શ્રી કલ્યાણજી સી. છેડા (વાઈસ ચેરમેન)** **શ્રી ખેતશી ડી. ખોના (સી.ઈ.ઓ.)**

ગુણનું નહીં, જીવનશૈલીનું નામ છે. સિમ્પ્લિસિટી એટલે એવો ગુણ કે સ્થિતિ, જેમાં સ્વતંત્રતા છે, નિર્ભયતા છે, મુક્તિ છે, આનંદ છે, હળવાશ છે. સાચું સૌંદર્ય હંમેશાં સાદું હોય છે.

ફૂલને મેકઅપની જરૂર હોતી નથી, સુગંધને આકારમાં ગોઠવી શકાતી નથી. ઝાકળને ઘરેણાં પહેરાવી શકાતાં નથી. જો એવું કરવા જઇએ, તો તેમનું સૌંદર્ય, તેમની અસર ખલાસ થઈ જાય. સ્ટીવ જોબ્સ કહે છે કે 'ધ સિમ્પલેસ્ટ થિંગ્સ આર ધ ટુએસ્ટ' એ વાત કેટલી સાચી છે ! પણ સાદગીને સ્વભાવમાં વણવાનું એટલું સહેલું નથી, ખાસ કરીને આ યુગમાં. પણ આઈન્સ્ટાઈને કહ્યું છે તે યાદ રાખવા જેવું છે કે 'કોઈ પણ 'ઇન્ટેલિજન્ટ ફૂલ' વસ્તુઓ કે વ્યક્તિઓને તે જે હોય તે કરતાં વધારે ભવ્ય, વધારે જટિલ બનાવી શકે. તેની વિરુદ્ધ એટલે કે સચ્ચાઈ અને સાદગીની દિશામાં જવા માટે હિંમત જોઈએ.' પ્રતિભા જોઈએ. એમર્સન કહેતા 'મહાનતા હંમેશા સાદી હોય છે. નથિંગ ઈઝ મોર સિમ્પલ ધેન ગ્રેટનેસ. ટુ બી સિમ્પલ ઈઝ ટુ બી ગ્રેટ.' વિચારવા જેવી વાત છે. વિચારોનો વૈભવ, બુદ્ધિનું તેજ, સમજણની આભા - વ્યક્તિ શોભે છે આ આકર્ષણ જરૂર છે, પણ તેનું આયુષ્ય કેટલું - નવું કંઈ આવે તેટલું. ને તે નવા કંઈકનું આયુષ્ય કેટલું - બીજું કંઈક નવું આવે તેટલું.

એક ચીજથી બીજી ચીજ તરફ સતત ભાગવા માટે આપણને આ જીવન મળ્યું છે ? સ્વયં વિચાર કિજિયે....

- સોનલ પરીખ 'જન્મભૂમિ' માંથી સાભાર

**ચર્ચાએ ચોતરે : પ્રશંસનીય પહેલ**

મસ્જીદબંદર સ્થિત ૧૩ જેટલી મિલકતોની વિગતવાર યાદી પ્રગટ કરી અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઈ મહાજને જ્ઞાતિજનો તેમજ જ્ઞાતિના અન્ય ટ્રસ્ટોને ઝુંબેશમાં જોડયા. સંપૂર્ણ માહિતી ઉપલબ્ધ કરી ત્યારે પાઠશાળાના ટ્રસ્ટીઓ એ પણ દાયકાઓ જૂના ભોંયગ્રસ્ત થઈ ગયેલ ટોકરશી શામજી માળાના પુનહ વિકાસ સાથે કટિબધ્ધ થઈ આગળ આવશે તો સોનામાં સુગંધ મળશે. - કાંતિલાલ કેશવજી મોતા, મુલુંડ

**ઝુકી તો જવાય : કરૂણામય અંતરના ઉદ્દગાર !**

રચના મહિલા મંડળના રજત જયંતિ વર્ષની ઉજવણીમાં મુંબઈ મહાજનના પ્રમુખથી કલ્પેશ મોતાએ અધ્યક્ષીય મંગળ પ્રવચનમાં મંડળને ...... શુભેચ્છા આપતાં વાતવાતમાં કચ્છમાં આગામી દુકાળના ઓછાયાનો વિશેષ ચિતાર આપી ચોપગાં દૂધાળા ઢોરોના લાભાર્થી દશ ગામોમાં મોટા ઢોરવાળા ખોલ્યાનો અહેવાલ આપ્યો. ઢોરોની વહારે ધાવા કરૂણામય અંતરથી દર્દ ભરી અપીલ કરી. તેને અદ્દભૂત પ્રતિસાદ મળ્યો. રચના મહિલા મંડળે સારી એવી રકમનો ચેક ત્યાંજ શ્રી કલ્પેશ મોતાને અર્પણ કર્યો અને હાજર આમંત્રિતોની પણ ફાળો નોંધાવા વણઝાર ચાલી.

ખરેખર, કરૂણામય અંતરના ઉદ્દગારોની પહોંચનું શું કહેવું ? ! ઝુકી તો જવાય ને !

- કાંતિલાલ કેશવજી મોતા, મુલુંડ

।। શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ।।

।। શ્રી ગણેશાય નમઃ ।। ।। શ્રી અંબેમાં નમઃ ।। ।। શ્રી ક્ષેત્રપાલ દાદાય નમઃ ।।

## શ્રી અંબેમાં ખોના પરિવાર – સુથરી મહાતીર્થ

સુથરીમાં શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોનાના ઘરે બીરાજમાન ખોના ગોત્રના કુળદેવી શ્રી અંબેમાં ની સમુહ પહેડી (જુહાર) તથા નુતન મંદિરની સ્થાપનાની ૬(છઠી) વર્ષગાંઠ ઉજવણી કારતકી તેરસથી પૂનમ તા. ૨૩.૧૧.૨૦૧૫ થી તા. ૨૫.૧૧.૨૦૧૫ સુથરી મધ્યે રાખવામાં આવેલ છે. આ પ્રસંગે ખોના પરિવાર નાં જેના પણ લગ્નના, નામકરણના તથા છેડાછેડીના જુહાર બાકી હોય તે થઈ શકશે. પૂનમનાં પરિવાર દ્વારા માતાજીની સમુહ પહેડી રહેશે તેમજ આપણા પુડસા દાદાના ભુઈમાની ગંધી બદલવાનું કાર્યક્રમ પણ પૂનમના રોજ થાશે.

આ શુભ અવસરે આપણા માતાજીને અને ભુઈમાને વસ્ત્ર અર્પણ કરવાનું લાભ સ્વ. પ્રેમીલાબેન ખીમજી મણશી ખોનાના પરિવારજનો હ. ગુણવંતીબેન તથા ભાવનાબેને લાભ લીધેલ છે.

આ પ્રસંગે ખોના પરિવારના સર્વે ભાવિકો તથા નિયાણીઓને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

રેલ્વેની ટીકીટ બુકીંગ પોતાની રીતે કરાવી લેવા વિનંતી છે અથવા અમોને સંપર્ક કરવા વિનંતી છે. આપના આગમનની જાણ અગાઉથી કરશો જેથી વ્યવસ્થા સાચવવામાં સુગમતા રહે.

**નિમંત્રક : શ્રી અંબેમાં ખોના પરિવારના જય માતાજી**

: સંપર્ક :

| | | | |
|---|---|---|---|
| રાજેન્દ્ર મણીલાલ ખોના | - 098676 92853 | સમીર કુંવરજી ખોના | - 095942 74664 |
| ભરત મુલજી ખોના | - 098200 78058 | દિલીપ મણીલાલ ખોના | - 097020 34307 |
| લહેરચંદ કુંવરજી ખોના | - 094266 16340 | વીપીન શામજી ખોના | - 098673 02873 |
| અશ્વિન મણીલાલ ખોના | - 098331 20585 | | |

## આરોગ્ય પ્રકાશ : બેઠાડુ જીવન અને ચાલવું (ભાગ-૧)

– ડૉ. વીરચંદ લખમશી નાગડા (મુંબઈ) – 7069621931

આપણા વડીલોની ઉક્તિ ''ચાલતાનું ભાગ્ય ચાલે... અને બેઠેલાનું ભાગ્ય બેઠું...'' એ, આરોગ્ય માટે ખરેખર બંધ બેસતી છે.

બેઠાડુ જીવન એટલે બિમારીને આમંત્રણ અને ચાલવું, કસરત, બ્રિસ્ક વૉક – ઝડપથી ચાલવું એટલે લાંબુ નિરોગી જીવન જીવવું. બેઠાડુ જીવનથી સુસ્તી, સ્ફૂર્તિનો અભાવ, અપચો, અનિદ્રા, ભૂખ ન લગવી, જાડાપણું, હાઈ બી.પી., હાઈ કોલેસ્ટ્રોલ, ડાયાબીટીઝ, ઓસ્ટીઓપીનીઆ, (હાડકામાં કેલશ્યમ ઓછું થવું) ઓસ્ટીઓ પોરોસીસ (હાડકા છિદ્રાળુ થવા) સંધીવાત, હૃદયની બિમારીઓ જેવી અનેક બિમારીઓ થઈ શકે છે. આમ બેસી રહેવાથી આયુષ્ય ટુંકું થાય છે.

સંશોધનમાં જણાયું કે ૨૫ વર્ષની ઉમર પછી દર ૧ કલાકના ટી.વી. જેવાથી આપણા આયુષ્યમાંથી ૨૧.૮ મિનિટ ઓછી થાય છે. ટી.વી. જોવું સીધે સીધું નુકશાનકારક નથી પણ ટી.વી. સામે બેસી રહેવું તે નુકશાનકારક છે. ૧ સિગારેટ ફુંકવાથી જીવનમાંથી ૧૧ મિનિટનું આયુષ્ય ઘટે છે પરંતુ ૧ કલાક ટી.વી. સામે બેસવાથી એના કરતા વધુ ૨૧.૮ મિનિટ આયુષ્ય ઘટે છે. સંશોધિકોએ તારણ કાઢ્યું કે દિવસમાં ૬ કલાક ટી.વી. સામે બૈસી રહેનારનું આયુષ્ય ટી.વી. ન જોનારા કરતાં ૪.૮ વર્ષ ઘટે છે. મોટા ભાગના યુવાનો કોમ્પ્યુટર જોબને લીધે આખો દિવસ બેસીને કામ કરે છે. દિવસમાં ૪ કલાક બેસી રહેનાર જોખમી કેટેગરીમાં આવે છે એમ અભ્યાસમાં જણાયું છે. આ રિસ્ક ઘટાવડા ટી.વી. જોવાનો ટાઈમ ઘટાડો, જોબમાં ઉઠી શકાય તો વચ્ચે વચ્ચે ઉઠો, કૉફી બ્રેકમાં ઊભા ઊભા ચા-કૉફી પીઓ, ફોન કોલ્સ ઊભા ઊભા અટેન્ડ કરો, બસ ટ્રેનમાં ઊભા ઉભા મુસાફરી કરો, લંચ બ્રેકમાં જમ્યા પછી થોડું ચાલો જે હૃદયને માટે પણ ઉપયોગી થશે. સુસ્તી પણ ઉડી જશે. થોડું જ અંતર હોય ત્યાં વાહનને બદલે ચાલીએ તેમજ કોઈપણ પ્રકારની કસરત કરીને રીસ્ક ઘટાડી શકાય.

તંદુરસ્ત રહીને લાંબુ જીવવું હોય તો ચાલવું કે કોઈપણ શારીરિક કસરત ખૂબ જ જરૂરી છે. શરીરના મુખ્ય ૩ અંગ હૃદય મગજ અને હાડકાં... એમને નિરોગી રાખવા હોય તો બેઠાડુ જીવન ત્યજી ચાલવાનું કરીએ અને કસરત કરીએ. જો આપણે મોટી ઉંમરે કોઈનો મદદ વગર ટટ્ટાર ચાલવું હોય, યુવાન વ્યક્તિની માફક દાદર ચઢવા – ઉતરવા હોય, રોજંદી ક્રિયા સરળતા થી કરવી હોય તો હાડકાં મજબૂત રાખવા પડશે. હૃદય મજબૂત રાખવું પડશે. અને માટે બેઠાડુ જીવન ત્યજી ચાલવું – કસરત કરવા જ પડશે.

સૌથી સહેલી અને સગવડભરી કસરત ચાલવાની છે. ચાલવાથી વગર તકલીફે અને વગર ખર્ચે કસરત મળે છે. એ ગમે ત્યાં, ગમે ત્યારે થઈ શકે છે. બહુ જ જુજ કેસ સિવાય સૌ ચાલવાની કસરત કરી શકે છે. કેટલીક નાની લાગતી ટેવો બદલીને ચાલવાનો લાભ મેળવી શકાય દા.ત. ઘરમાં જોઈતી ચીજો બીજા પાસે માગવાને બદલે જાતે લઈ લેવી. ટુંકા અંતરે

UPTO 35% OFF

Lagna Deep Sarees

Since 1984....

લગ્ન દીપમાં સાડીઓનું સેલ ચાલુ છે.....

SALE

SALE FROM 20th JUNE TO 10th JULY, 2015

Designer Bridal Sarees • Heavy Upada Sarees
Traditional & Fancy Patola • Bandhani • Gharchola Panetar
All type of Exclusive Sarees and also Dress, Lehenga Cholis

SPECIALIST IN REAL ZARI EMBROIDERY

Shop No. B-13, Jalaram Ashish Bldg., Devidayal Road, Opp. Raj Hospital,
Mulund (West), Mumbai-400 080. Mob. : 7666688881, Shop : 022-25680807

During Sale period Shop will opened for all Days.

જવા માટે વાહન નહીં વાપરતા ચાલી નાખવું, લિફ્ટના ઉપયોગને બદલે રહી શકાય એટલા ૩-૪ માળના દાદરા ચડવા વગેરે.

વહેલી સવારે વાહન વ્યવહાર ઓછો, હવા તાજી અને ખુશનુમા વાતાવરણ હોય છે. સારા વિચારો આવે છે. ઓઝોન વાયુ પણ માટે ભાગે સારી માત્રામાં હોય છે માટે વહેલી સવારે ચાલવું ઉત્તમ છે. (આજકાલ વસ્તી વધારા, કારખાના, વાહનવ્યવહાર, નવા મકાનોના બાંધકામ વગેરે ને લીધે હવામાં પોલ્યુશન વધુ હોય છે તેથી જયાં પોલ્યુશન ઓછું હોય કે ન હોય એવી જગ્યાએ ચાલવું વધુ ફાયદાકારક)

ચાલવાથી સૌથી વધુ લાભ હૃદય અને ફેંફસાને થાય છે. સ્નાયુઓના હલનચલનને લીધે લોહી ફરવાની ક્રિયામાં મદદ થાય અને પગના સ્નાયુ બીજા હૃદય તરીકે કામ આપે છે. ચાલતી વખતે સ્નાયુ દબાય એટલે લોહીની નસો દબાય અને આમ હૃદયની જેમ પમ્પીંગ થાય, જાણે બીજું હૃદય.

ચાલવાથી ભુખ લાગશે, માનસિક તાણ ઘટશે શાંતિ મળશે. શરીરમાં સ્ફૂર્તિનો અનુભવ થશે, ગાઢ નિદ્રા આવશે, પાચનતંત્ર સુધરશે, કબજિયાત દૂર થશે બી.પી. નિયમિત થશે, ડાયાબીટીઝ હશે તો કન્ટ્રોલમાં આપશે. હાર્ટ એટેકનો જાયટબી જશે અને (હૃદયરોગ હશે) તો સુધારો થશે, રક્તવાહીનીઓ વધારે સ્થિતિસ્થાપક બનશે અને તેથી માનસિક દબાણને લીધે તૂટી જઈ સ્ટ્રોક થવાની શક્યતા ઘટશે, કોલેસ્ટ્રોલ અને ટ્રાઈગ્લીસરાઈડ (ચરબી) નોરમલ થશે (નિયમિત ૩૦ થી ૪૦ મિનિટ ચાલવાથી કે એરોબીક કસરતથી ૨ મહીનામાં કોલેસ્ટ્રોલ ઘટશે), ઓસ્ટીઓપિનીઆ (હાડકામાં કેલ્શીયમનું ઘટવું) અને ઓસ્ટીઓપોરોસીસ (હાડકાનું છિદ્રાળુપણું) ઘટશે તેથી હાડકા મજબૂત થશે અને ફ્રેકરારનો ડર ઘટશે, વેરીકોઝવેન વધતી અટકે છે, તડકામાં ચાલીએ તો વિટામીન ડી મળશે જે કેલ્શીયમ માટે જરૂરી છે, મગજને વધારે લોહી મળશે અને એની કાર્યશક્તિમાં સુધારો થશે. આચ શરમ છોડી સીઝન પ્રમાણે શાલ, સ્વેટર, છત્રી, રેઈનકોટ, શુઝ વગેરેનો ઉપયોગ કરો અને ચાલાવાનું બંદ ન કરો.

રતન ટાટાએ સુંદર વાત કરી છે - 'જો તમને ફાસ્ટ ચાલવું હોય તો એકલા ચાલો પણ જો તમારે લાંબે સુધી ચાલવું હોય તો કોઈકની સાથે ચાલો'. ઉઘાડા પગે ચાલવા પૃથ્વીમાંથી આપણા શરીરમાં ફ્રી ઈલેક્ટ્રોન્સ પ્રવેશે છે જે શક્તિશાળી એન્ટીઓકિસડન્ટ છે અને શરીરને ફાયદાકારક છે. ગ્રાઉન્ડને પગ અડે એટલે લોહી પાતળું રહે છે અને લોહીના કલોટ જલ્દી થતા નથી. ઉઘાડા પગે ચાલતી વખતે સંભાળ એટલી રાખવાની કે પગમાં કાંઈ વાગે નહી.

સંશોધકો કહે છે જો આપણે ક્રીએટીવ થવું હોય, કાંઈ નવી રચના કરવી હોય તો બહાર ખુલ્લામાં ચાલવું જોઈએ. અમેરીકામાં ૧૭૬ લોકો (એમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ) પરના એક અભ્યાસમાં જણાયું કે બેસવા કરતાં ચાલવાથી વિચારો ઝડપથી આવે છે અને વધુ ક્રિએટીવીટી સર્જનાત્મકતા તરફ લઈ જાય છે.

ચાલતી વખતે અમુક લોકો આઈપોડ, વૉકમેન, વૃધ્ધજનો-


## શ્રી નરદે રણશી ધરમશી પરિવાર (સેવક ભરૂડીયા, કોઠારા)

**આપણા કુળદેવી શ્રી સખત માતાની ૩જી પહેડી** તા. ૧૯/૭/૨૦૧૫ ને રવિવારના સવારના ૮:૦૦ થી બપોરના ૩:૩૦ વાગ્યા સુધી યોજેલ છે. આ ૩જી સંપૂર્ણ પહેડીના દાતાશ્રી માતૃશ્રી ગુણવંતીબેન ઝવેરચંદ રામજી ધરમશી પરિવાર હસ્તે હેમલતા વિજય ઝવેરચંદ ધરમશીએ લીધેલ છે. આ શુભ પ્રસંગે ધરમશી પરિવારની નિયાણી બહેન-દિકરીઓને સહપરિવાર પધારવા તથા પ્રસાદનો લાભ લેવા નમ્ર વિનંતી.

**શુભ સ્થળ**

રોટરી ક્લબ, માનપાડા રોડ, સુવિધીનાથ દેરાસરની બાજુમાં, ડોંબિવલી (ઇસ્ટ)

સંપર્ક : ૯૮૧૯૩૨૯૮૮૯ (વિનીતભાઇ) / ૯૭૭૩૦૯૮૬૪૮ (રાજીવભાઇ)

દરેક કુટુંબીજનોને આમંત્રણ પત્રિકા મોકલાવેલ છે. જો ન મળી હોય તો આ જાહેરાતને પત્રિકા તુલ્ય સમજી સહકુટુંબ પધારવા વિનંતી છે.

લિ. : શ્રી નરદે રણશી ધરમશી પરિવાર

મંત્રી કે ભજનોની કેસેટ સાંભળે છે ચેતવણી એ છે કે વોલ્યુમ ઓછું, શખીએ જેથી આજુબાજુના વાહનોનો અવાજ સંભળાય. સલામત જગ્યાએ કે જાણીતા રસ્તા પર ચાલીએ જેથી આપણી સલામતી જળવાય. વહેલી સવારે અંધારામાં ચાલતા હોઈએ ત્યારે બધીજ ઈન્દ્રીયોની જરૂર પડે છે માટે ત્યારે સંગીત સાંભળવું નહિં.

ઈઝરાઈલના નેટાન્યામાં આવેલ વિન્ગેટ ઈન્સ્ટીટ્યુટના સંશોધન પ્રમાણે ચાલતી વખતે વાત ન કરવી જોઈએ. ચાલતી વખતે વાત કરીએ તો ફેફસાને પ્રાણવાયુ ઓછો મળશે અને લેક્ટિક ઍસીડ તેમજ બલ્ડ પ્રેશર વધારશે.

આપણે કેટલું ચાલ્યા એ માપવાના 'બેસીક પેડોમીટર' આવે છે એમાં કેટલા પગલા આખા દિવસમાં ચાલ્યા એ નોંધાય તેથી બીજા દિવસે આગલા દિવસ કરતાં વધુ સ્ટેપ્સ-પગલાં થાય. વધુ ચાલીએ એવી કોશીશ કરી શકાય. આમ બેઠાડુ જીવન ત્યજી ચાલવાના ફાયદા લઈએ અને નિરોગી રહીએ.....ક્રમશઃ


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

